# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-05-2024 EVENING : 7.50 to 8.00
Day : SUNDAY National News

### આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*************************************************

- ✓ આવતી કાલે લોકસભા ચૂંટણીનાં ચોથા તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ ૯૬ લોકસભા બેઠકો પર મતદાન.
- ✓ ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે અગાઉની કોંગ્રેસ સરકારોની તુલનામાં અનુસૂચિત જનજાતિ સમુદાયનાં બજેટમાં અનેક ગણો વધારો કરવામાં આવ્યો.
- ✓ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લોકોને આગામી વર્ષે મફત વીજળી, શિક્ષણ અને આરોગ્યની સુવિધા, બે કરોડ લોકોને રોજગાર સહિતના ૧૦ વચન આપ્યા.
- ✓ ઉત્તરાખંડના પ્રસિદ્ધ બદ્રીનાથ મંદિરના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યા. આ સાથે ચાર ધામ યાત્રાનો શુભારંભ.
- ✓ ઇન્ડોનેશિયા, અફઘાનીસ્તાન અને બ્રાઝીલમાં પુર – અફઘાનિસ્તાનમાં ૩૧૫ અને બ્રાઝીલમાં ૧૩૬ ના મોત.
- ✓ અને આઇપીએલમાં રાજસ્થાન રોયલ્સ સામે ચેન્નાઇ સુપર કિંગ્સનો પાંચ વિકેટે વિજય અને અન્ય એક મેચમાં આરસીબી સામે દિલ્હી કેપિટલ્સએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Fourth Stage campaigning

આવતી કાલે લોકસભા ચૂંટણીનાં ચોથા તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાન યોજાશે. આ તબક્કામાં આંધ્રપ્રદેશની 25, તેલંગાણાની 17, ઉત્તરપ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8, બિહારની 5, ઝારખંડ-ઓડિશાની ચાર-ચાર અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની એક બેઠક પર મતદાન યોજાશે. ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે ચોથા તબક્કામાં કુલ એક હજાર 717 ઉમેદવારો મેદાનમાં છે.

આંધ્રપ્રદેશ વિધાનસભાની તમામ 175 બેઠકો માટે ઓડિશા વિધાનસભાની 147માંથી 28 બેઠકો માટે પણ આવતી કાલે જ મતદાન યોજાશે. એક લાખ 92 હજાર મતદાન મથકો માટે 19 લાખથી વધુ ચૂંટણી અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચનાં જણાવ્યા પ્રમાણે મતદારોની ભાગીદારી વધારવા માટે તેલંગાણામાં 17 સંસદીય બેઠકોનાં કેટલાંક વિધાનસભા ક્ષેત્રોમાં મતદાનનો સમય લંબાવવામાં આવ્યો છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આ તબક્કામાં જ્યાં ચૂંટણી છે તે વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં નીચું રહેશે અને હીટ વેવની સ્થિતિ નહી સર્જાય. અત્યાર સુધીનાં ત્રણ તબક્કામાં 20 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 283 બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન થયું છે.

દરમિયાન, ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે પહેલાંની કોંગ્રેસ સરકારોની તુલનામાં અનુસૂચિત જનજાતિ સમુદાયનાં બજેટમાં અનેક ગણો વધારો કરવામાં આવ્યો છે અને આ સમુદાયનાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળી રહી છે. આજે આરામબાગ લોકસભા બેઠક માટે હુગલીનાં પરશુરામાં તેમણે આમ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, પશ્ચિમ બંગાળ ઇશ્વરચંદ વિદ્યાસાગરની ભૂમિ છે પણ તૃણમુલ કોંગ્રેસના શાસનમાં અહીંની શિક્ષણ વ્યવસ્થાનું સ્તળ કથળી ગયું છે. અગાઉ તેમણે બેરકપુર લોકસભા વિસ્તારમાં જગતદલ અને હુગલી લોકસભા વિસ્તારમાં ભાજપના ઉમેદવારનાં સમર્થન માટે બે સભાઓ સંબોધી હતી. દરમિયાન, એક અંગ્રેજી દૈનિકને આપેલી મુલાકાતમાં તેમણે જણાવ્યું કે, છેલ્લાં દસ વર્ષમાં તેમની સરકારે ગરીબોને સશક્ત બનાવવા અને તેમના માટે વિકાસની તકો ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શ્રી મોદીએ કહ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પાકિસ્તાનનાં કબ્જા હેઠળનું કાશ્મીર ભારતનું છે અને આપણે તે લઇને જ રહીશું. મહેશગંજમાં કૌશાંબીના ભાજપ ઉમેદવારનાં સમર્થનમાં જાહેર સભાને સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે, વિરોધપક્ષોને માત્ર તેમની વોટ બેન્કની જ ચિંતા છે અને ઇન્ડિ ગઠબંધનની જીતવાની કોઈ જ સંભાવના નથી.

દરમિયાન, કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ રાયબરેલીમાં એક જાહેર સભાને સંબોધતાં પ્રધાનમંત્રી પર દેશની સમગ્ર સંપત્તિ ચાર-પાંચ ધનિક ઉદ્યોગપતિઓને વહેંચી દેવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, દેશની કોલસાની ખાણો, બંદરો અને વિમાનમથકો હવે પ્રધાનમંત્રીનાં મિત્રોની માલિકીનાં થઈ ગયા છે.

દરમિયાન, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લોકોને આગામી વર્ષે મફત વીજળી, શિક્ષણ અને આરોગ્યની સુવિધા, બે કરોડ લોકોને રોજગાર પૂરો પાડવાનું અને ચીન દ્વારા આંચકી લેવામાં આવેલી જમીન પુનઃ કબ્જે કરવા લશ્કરને સંપૂર્ણ સ્વતંત્રતા આપવા સહિતનાં 10 વચન આપ્યાં છે. નવી

દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું કે, લોકસભા ચૂંટણીમાં ઇન્ડિ ગઠબંધન સત્તા પર આવશે તો તેઓ ઉપરોક્ત વચનનું પાલન થાય તે સુનિશ્ચિત કરશે. તેમણે દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની પોતાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને જણાવ્યું હતું કે, જો વિરોધ પક્ષોનો મોરચો જીતશે તો અગ્નિવીર પ્રોગ્રામને રદ કરવામાં આવશે.,

**દરમિયાન, ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીએ 1 જૂને યોજાનારી સાતમા અને અંતિમ તબક્કાની ચૂંટણી માટે વધુ એક યાદી જાહેર કરી છે. સપાએ મિરઝાપુર બેઠક પર રમેશ બિંડને મેદાનમાં ઉતાર્યા છે, જ્યાં તેણે અગાઉ રાજેન્દ્ર બિંડને ટિકિટ આપી હતી. જો કે, ભદોહીના ભાજપના સાંસદ રમેશ બિંદ સપામાં જોડાતા પક્ષ પ્રમુખ અખિલેશ યાદવે તેમને મિરઝાપુરની ટિકિટ આપી છે. આમ હવે, એનડીએ ગઠબંધનનાં અપના દલનાં અનુપ્રિયા પટેલ** સામે **રમેશ બિંડનો મુકાબલો થશે. આ ઉપરાંત સપાએ સોનભદ્ર જિલ્લાની રોબર્ટ્સગંજ બેઠક પરથી છોટાલાલ ખારવારને ટિકિટ આપી છે.**

# Badrinath Kapat

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ બદ્રીનાથ મંદિરના દ્વાર આજે સવારે ભક્તો માટે ખોલવામાં આવ્યા છે. આ સાથે ચાર ધામ યાત્રા સંપૂર્ણ રીતે શરૂ થઈ છે. અગાઉ 10મેએ બાકીનાં ત્રણ ધામ ગંગોત્રી, યમનોત્રી અને કેદારનાથનાં કપાટ ખોલવામાં આવ્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધી સાથે બદ્રીનાથ ધામના કપાટ ખોલવામાં આવ્યા હતા. આ પહેલા બ્રહ્મમુહૂર્ત દરમિયાન મંદિરની બહાર ગણેશ પૂજા થઈ હતી. આ અગાઉ મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. પ્રથમ જ દિવસે હજારો શ્રધ્ધાળુઓએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

# Indonesia, Afghan and Brazin Flood

પશ્ચિમ ઇન્ડોનેશિયામાં અચાનક પુર આવવાથી ઓછામાં ઓછા 28 જણનાં મૃત્યુ થયા હતા એમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે, શનિવારની રાતથી પુરનાં પાણીને પગલે તાનાહ દાતાર રીજન્સીમાં કાદવ ફેલાઈ ગયો હતો.  આ ઘટનામાં 84 મકાનો અને 16 પુલને અસર થઈ હતી.

સ્થાનિક સરકારે બે જિલ્લામાં બચાવ કેન્દ્રોની સ્થાપના કરી છે. છેલ્લાં સમાચાર મળ્યા ત્યારે આ વિસ્તારમાં શોધખોળ અભિયાન ચાલુ હતું

દરમિયાન, ઉત્તર અફઘાનિસ્તાનનાં ત્રણ પ્રાંતોમાં આવેલા વિનાશક પૂરનો મૃત્યુઆંક વધીને 315 થયો છે અને 1600 લોકોને ઇજા થઈ છે. અહીંની તાલિબાન સરકારે કટોકટીની જાહેરાત કરી છે. રાહત અને બચાવ કાર્ય કરતી એજન્સીઓએ આ વિનાશક પુરને મોટી માનવીય કટોકટી ગણાવીને વ્યાપક ખુવારીની ચેતવણી આપી છે. અફઘાનિસ્તાનના સત્તાવાળાઓનાં જણાવ્યા પ્રમાણે શુક્રવારથી પડી રહેલા ભારે વરસાદને કારણે અનેક પ્રાંતોમાં કૃષિ જમીન ખોરવાઈ ગઈ છે અને આરોગ્ય સુવિધાઓ તથા મહત્વની માળખાકીય સુવિધાઓને ભારે નુકસાન થયું છે.

બ્રાઝિલમાં પણ શનિવારે આવેલા પુરે તારાજી સર્જી છે. દક્ષિણ બ્રાઝિલમાં અત્યાર સુધી 136 લોકોનાં મૃત્યુ થયા છે. નાગરિક સંરક્ષણ સંસ્થાનાં કહેવા પ્રમાણે નદીઓમાં પુર આવતા 806 લોકોને ઇજા થઈ છે અને 125 લોકો લાપતા છે.

પુરથી અસરગ્રસ્ત 20 લાખથી વધુ લોકોમાંથી પાંચ લાખ 37 હજાર લોકોને પોતાનું ઘરબાર છોડવાની ફરજ પડી હતી.. પુરમાં 92,000થી વધુ મકાનોને નુકસાન થયું છે એમ નેશનલ કન્ફેડરેશન ઓફ મ્યુનિસિપાલિટીઝે જણાવ્યું હતું. યુનાઇટેડ નેશન્સના નિષ્ણાતો અને બ્રાઝિલની સરકારે આ ઘટના માટે જળવાયુ પરિવર્તન અને અલ નિનોની સ્થિતિને જવાબદાર ગણાવી હતી. સત્તાવાળાઓએ રવિવાર અને સોમવારે પણ પુર આવવાની ચેતવણી આપી છે.

## Kashmir Terrorism

સલામતી દળોએ રવિવારે કાશ્મીરનાં રિયાસી જિલ્લાના જંગલ વિસ્તારમાં આતંકવાદીઓના ઠેકાણાને નષ્ટ કરીને નવ ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ અને ત્રણ પિસ્તોલ સહિત મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, માહૌર વિસ્તારના કોટ બુધાન જંગલમાં સર્ચ ઓપરેશન દરમિયાન રાષ્ટ્રીય રાઇફલ્સ અને પોલીસની સંયુક્ત ટીમે શોધખોળ અભિયાન હાથ ધર્યું હતું. સુરક્ષા દળોએ ઇલેક્ટ્રિક ડિટોનેટરથી સજ્જ નવ આઈઈડી અને ત્રણ મેગેઝિન અને 20 રાઉન્ડ સાથે ત્રણ પિસ્તોલ, ઉપરાંત એક કિલો વિસ્ફોટક પાવડર, 21 બેટરી સહિતની સામગ્રી જપ્ત કરી હતી.

## Weather

હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસ દરમિયાન આંધ્રપ્રદેશના દરિયાકાંઠા, તેલંગાણા, ઓડિશા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને કર્ણાટકના અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે આ જ સમયગાળા

દરમિયાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આંદામાન નિકોબાર ટાપુઓ અને દક્ષિણ અને ઉત્તર-પશ્ચિમ પ્રદેશો સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે પવનની ફુંકાવાની  સંભાવના છે.

આગામી બે દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં આજે કેટલાક સ્થળોએ ધૂળની ડમરીઓ અને વાવાઝોડાની સંભાવના છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ભારે ગરમી અને ભેજ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

# IPL

**આજે આઇપીએલ ક્રિકેટમાં ચેન્નાઇ સુપર કિંગ્સે રાજસ્થાન રોયલ સામેની મેચમાં પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો. ચેન્નાઇનાં એમ એ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને બેટિંગ લીધી હતી અને પાંચ વિકેટે 141 રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઇએ પાંચ વિકેટ ગુમાવીને 10 બોલ બાકી હતા ત્યારે વિજય મેળવ્યો હતો.**

**અન્ય એક મેચમાં બેંગલુરુનાં એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી મેચમાં દિલ્હીએ આરસીબી સામે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી હતી.**